# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ ૨૫૫૧ ❖ શ્રાવણ પૂર્ણિમા ❖ ૨૮ ઓગષ્ટ, ૨૦૦૭ ❖ વર્ષ - ૮ ❖ અંક - ૫ ❖ સળંગ અંક - ૮૯


## ધમ્મવાણી

मा जातिं पुच्छ, चरणं च पुच्छ, कट्ठा हवे जायति जातवेदो ।
नीचा कुलीनो'पि मुनी धितिमा, आजानीयो होति हिरीनिसेधो ॥

(सुंदरिक भारद्वाज सुत्तं–८)

જાતિ ન પૂછો, આચરણ પૂછો (જેને કોઇ નથી પૂજતું એ) લાકડાંમાંથી અગ્નિ જન્મ લે છે, (જે અગ્નિને- કેટલાયે પૂજે છે) (આ રીતે) નીચા (મનાતા) કુળમાં જન્મ લઇને પણ કોઇ વ્યકિત ઉત્તમ ધીમાન મુનિ થાય છે, જે શરમજનક કામોથી દૂર રહે છે.

## બુદ્ધ અને ધર્મ (૮)

ધર્મ શું છે ? ધારણ કરે તે ધર્મ. धारेती'ति धम्मं શું ધારણ કરે ? પોતાના સ્વભાવને ધારણ કરે તે ધર્મ. अत्तनो सभाव धारेती'ति धम्मं એટલે ધર્મ કહે છે સ્વભાવને, નિસર્ગને, પ્રકૃતિને, પ્રકૃતિના નિયમને, કુદરતના કાનૂનને, વિશ્વના વિધાનને કે ઋતને.

જયારે કહીએ કે અગ્નિનો ધર્મ છે બળવું અને બાળવું, તો અર્થ થયો અગ્નિનો સ્વભાવ છે બળવું અને બાળવું. આ પ્રકૃતિનો એક નિયમ છે.

જયારે કહીએ કે બધી વસ્તુઓ અનિત્યધર્મી છે, બધા પદાર્થ જીર્ણધર્મી છે, બધાં પ્રાણી જરાધર્મી છે, મરણધર્મી છે તો એ જ અર્થ થયો કે આ એમનો સ્વભાવ છે. આ પ્રકૃતિનો એક નિયમ છે.

એમાં હિન્દુત્વની કે બૌદ્ધત્વની કે જૈન, શીખ, મુસલમાનપણા આદિની કયાં વાત આવી ભલા? આ ન તો હિંદુ ધર્મ છે, ન તો બૌધ્ધ ધર્મ છે, ન તો મુસ્લિમ (ધર્મ છે) કે ન તો ખ્રિસ્તી ધર્મ.

આ તો બસ ધર્મ છે. સર્વજનીન છે, સાર્વદેશિક છે, સાર્વકાલિક છે.

આ પ્રકારે જયારે કોઇના મનમાં ક્રોધ જાગે છે, દ્રેષ-દુર્ભાવ જાગે છે તો એ દુઃખી થઇ જ જાય છે, વ્યાકુળ થઇ જ જાય છે. - ભલે તે હિન્દુ હોય, બૌદ્ધ હોય, જૈન હોય, મુસ્લિમ હોય, શીખ હોય કે ખ્રિસ્તી હોય. આ ધર્મ છે, આ પ્રકૃતિનો નિયમ છે. એવું થઇ ન શકે કે કોઇ પોતાના મનમાં ક્રોધ જગવે અને એનું મન પ્રસન્નતાથી ભરાઇ જાય. પ્રકૃતિ કોઇની શરમ નથી રાખતી. કોઇનો પક્ષપાત નથી કરતી. બરાબર આ જ પ્રકારે જયારે કોઇના મનમાં મૈત્રી જાગે છે, કરુણા, મુદિતા, સદ્ભાવના જાગે છે તો એનું મન સુખ શાંતિથી ભરાઇ જ જાય છે. આ પ્રકૃતિનો અતૂટ નિયમ છે. આ વ્યકિત હિન્દુ છે કે બૌદ્ધ, મુસ્લિમ છે કે ખ્રિસ્તી, પ્રકૃતિ કોઇ પ્રકારનો ભેદભાવ નથી કરતી.

જેમ આપણે આગ અને એનાથી ઉત્પન્ન તાપ (બળતરા)ને હિન્દુ, મુસ્લિમ, બૌદ્ધ, જૈન આદિ નથી કહી શકતાં, જેમ આપણે ક્રોધ અને એનાથી ઉત્પન્ન સંતાપને હિન્દુ, મુસ્લિમ, જૈન ઇત્યાદિ નથી કહી શકતાં, જેમ આપણે સદ્ભાવને અને એનાથી ઉત્પન્ન શાંતિ- સુખને હિન્દુ, મુસ્લિમ, જૈન આદિ નથી કહી શકતાં, એવી જ રીતે આપણે કુદરતના કાનૂનને એટલે કે ધર્મને હિન્દુ, મુસ્લિમ, બૌદ્ધ, શીખ, જૈન આદિ નથી કહી શકતાં. કહેવું પણ ન જોઇએ.

જયારે કોઇ વ્યકિતમાં ક્રોધ જાગે છે તો એના પર કયાં લેબલ લગાડીએ છીએ કે આ હિન્દુ- ક્રોધ છે, આ જૈન-ક્રોધ છે, આ બૌદ્ધ-ક્રોધ છે આદિ આદિ... ક્રોધ ક્રોધ છે, બાળશે જ. જે ક્રોધ જગાવે એ જ બળશે.

બરફનો ધર્મ એટલે કે સ્વભાવ છે શીતળ હોવું, શીતળ કરવું. મૈત્રી, કરુણા, સદ્ભાવનાનો ધર્મ એટલે કે સ્વભાવ છે શીતળ હોવું, શીતળ કરવું. જેમ આપણે બરફને હિન્દુ, બૌદ્ધ, મુસ્લિમ, શીખ, જૈન આદિ નથી કહી શકતાં, એમ જ આપણે મૈત્રી, કરુણા, સદ્ભાવનાને હિન્દુ, બૌદ્ધ, શીખ, જૈન, આદિ નથી કહી શકતાં. એવી જ રીતે આપણે ધર્મને, કુદરતના કાનૂનને, વિશ્વના વિધાનને, ઋતને હિન્દુ, જૈન, શીખ આદિ નથી કહી શકતાં. ધર્મને માત્ર ધર્મ જ કહેવો સમુચિત છે, ઉપયુકત છે, ઠીક છે. એથી કોઇ ભ્રાંતિ પેદા નહીં થાય.

માણસ જયારે જયારે પોતાનું મન મેલું કરે છે એટલે કે એમાં વિકાર જગાવે છે- ક્રોધ, દ્રેષ, દુર્ભાવના, ઈર્ષા, અહંકાર, વાસના, ભય આદિ, તો પ્રકૃતિ એને દંડ દે છે. તત્કાળ દંડ દે છે. એ વ્યકિત તુરંત વ્યાકુળ થઇ જાય છે.

માણસ જયારે જયારે પોતાનું મન નિર્મળ કરે છે એટલે કે વિકાર-વિમુકત થાય છે તો સ્વભાવથી, સદ્ગુણોથી ભરાઇ જાય છે. જેમ મૈત્રી, કરુણા, મુદિતા, સમતા, સદ્ભાવના, નિઃસ્વાર્થ સેવાભાવ આદિ. તો પ્રકૃતિ એને પુરસ્કાર દે છે, તત્કાળ પુરસ્કાર દે છે. એ વ્યકિત તુરંત સુખ - શાંતિ અનુભવવા લાગે છે.

આ પ્રકૃતિના બાંધેલા નિયમ છે, આ કુદરતના કાનૂન છે અને આ જ ધર્મ છે. આનો સંપ્રદાય સાથે કયાંય (નહાવા નીચોવવાનો) દૂર દૂરનોય સંબંધ નથી, જે વ્યકિત કુદરતના આ કાનૂનને સારી રીતે જાણી લે છે એટલે કે ધર્મના સ્વરૂપને સારી રીતે જાણી લે છે અને પોતાનું જીવન આ કાનૂનને અનુકૂળ ઢાળી લે છે એટલે કે મનને મેલું નથી કરતો કે જેથી પ્રકૃતિનો દંડ ભોગવવો પડે, બલ્કે મનને નિર્મળ કરે છે કે જેથી પ્રકૃતિનો પુરસ્કાર મળતો રહે. આવી વ્યકિત ધર્મચારી છે, ધર્મવિહારી છે, ધર્મનિષ્ઠ છે, ધર્મી છે, ધાર્મિક છે. હવે તે પોતાની જાતને હિન્દુ કહે કે બૌદ્ધ કે જૈન કે શીખ કે મુસ્લિમ કે ખ્રિસ્તી કહે અથવા પોતાની જાતને આમાંના કોઇ પણ સાંપ્રદાયિક નામથી ન ઓળખાવે, એ વ્યકિત નિશ્ચિતરૂપે (જ) ધાર્મિક વ્યકિત છે. એ વ્યકિત સારું જીવન જીવે છે, પોતાનું પણ મંગલ સાધે છે, બીજાનું પણ મંગલ સાધે છે.

બીજી બાજુ કોઇ વ્યકિત કુદરતના કાનૂનને એટલે કે ધર્મને નથી સમજતી અને એવા વિકારભર્યા ચિત્તનું જીવન જીવે છે કે જેથી ડગલે ડગલે એને પ્રકૃતિનો દંડ ભોગવવો પડે છે, એ કદી વિકાર વિહીન થવાનું શીખતી જ નથી, અતઃ પ્રકૃતિનો પુરસ્કાર એને પ્રાપ્ત થતો જ નથી. આવી વ્યકિત અધર્મચારી છે, અધર્મવિહારી છે, અધાર્મિક છે, અધર્મી છે, પાપી છે, પાપાચારી છે. ભલે તે પોતાની જાતને હિન્દુ કહેતી ફરે, કે બૌદ્ધ કે જૈન કે શીખ કે મુસ્લિમ કે ખ્રિસ્તી. આ સાંપ્રદાયિક નામોથી એ વ્યકિત ધાર્મિક નથી બની જતી.

કુદરતના કાનૂનને ધર્મ કહે છે. કુદરતનો એ કાનૂન જે બધા પર લાગૂ થાય છે. અણુ અણુ પર જેનું સામ્રાજય છે. સજીવ અને નિર્જીવ બધાં એ કાનૂનને આધીન છે. જે સર્વવ્યાપી છે, ઘટઘટવાસી છે, સર્વશકિતમાન છે, સર્વજનીન છે, સાર્વકાલિક છે, સાર્વભૌમિક છે, આવો સર્વવ્યાપી ધર્મ કદી સંપ્રદાય નથી હોઇ શકતો. સંપ્રદાયની સીમામાં નથી બંધાઇ શકતો. ધર્મ તો સર્વજનીન જ હોય છે, સર્વજનીન જ હશે.

ધર્મ હિન્દુ નથી હોતો, મુસ્લિમ નથી હોતો, બૌદ્ધ, જૈન, શીખ, ખ્રિસ્તી નથી હોતો ધર્મ બસ ધર્મ હોય છે. હિન્દુ, મુસ્લીમ, બૌદ્ધ આદિ ધર્મ નહીં સંપ્રદાય હોય છે. ભિન્ન ભિન્ન સમૂહ. એવા સમૂહ કે જે કોઇ એક પ્રકારના પર્વ-તહેવાર ઉજવે છે, જલસા ઉત્સવ કરે છે. એક પ્રકારના વ્રત - ઉપવાસ કરે છે, એક પ્રકારના પૂજા-પાઠ કરે છે, કર્મકાંડ કરે છે, કોઇ સ્થાનોની તીર્થયાત્રા કરે છે અથવા કોઇ એક પ્રકારની દાર્શનિક માન્યતા માને છે. જેની લગભગ એક સરખી જીવનશૈલી, ખાણી-પીણી, વેશભૂષા અને એક પ્રકારની વિચારધારા હોય છે.

કોઇ એક સંપ્રદાયની બધી શરતો પૂરી કરનારી વ્યકિત હોઇ શકે છે (કે તે) નિતાંત ધર્મશૂન્ય હોય અને એ પણ હોઇ શકે છે કે તે ધર્મવાન હોય. કેમ કે આ સાંપ્રદાયિક વાતો સાથે ધર્મને કશી લેવાદેવા નથી. ધર્મ તો અંતર્મન સુધી ચિત્તને શુદ્ધ કરતાં શીખવે છે, જેથી શરીર અને વાણીથી એવું કોઇ કામ ન કરીએ, જેથી અન્ય પ્રાણીઓને હાનિ થાય, એમને પીડા પહોંચે, એમની સુખ શાંતિ ભંગ થાય.

હિન્દુ ધર્મ હિન્દુઓનો છે, બૌદ્ધ ધર્મ બૌદ્ધોનો છે, જૈન ધર્મ જૈનોનો છે,

શીખ ધર્મ શીખોનો છે, ઈસ્લામ ધર્મ મુસલમાનોનો છે, ખ્રિસ્તી ધર્મ ખ્રિસ્તીઓનો છે, પારસી ધર્મ પારસીઓનો છે, યહૂદી ધર્મ યહૂદીઓનો છે, પણ ધર્મ તો બધાંનો છે. શીલ સદાચારનું પાલન કરવું એ બધાંનો ધર્મ છે, મનને વશમાં કરવું એ બધાંનો ધર્મ છે. મનને નિર્મળ કરવું એ બધાંનો ધર્મ છે, અને આ જ સાચો ધર્મ છે.

કોઈ એક વ્યકિત કોઈ એક ખાસ જાતિમાં, ખાસ વર્ણમાં જન્મી હોવાને કારણે ગર્વ, ઘમંડથી ભરાઈ ઊઠે છે, પોતાની જાતને બહુ મહાન માનવા લાગે છે. અન્ય વર્ણોમાં, અન્ય જાતિઓમાં જન્મેલા લોકોને તુચ્છ માને છે, એમના પ્રત્યે ઘૃણા કરે છે, એમને અસ્પૃશ્ય ઘોષિત કરે છે, તો સમજી લેવું જોઈએ કે આ વ્યકિતમાં ધર્મનું નામોનિશાન નથી. આવી વ્યકિત નિતાંત અધાર્મિક જ છે.

આ પ્રકારે કોઈ વ્યકિત કોઈ એક સંપ્રદાયની સદસ્ય હોવાને કારણે ગર્વ-ઘમંડથી ભરાઈ ઊઠે છે, પોતાની જાતને મહાન માનવા લાગે છે, અન્ય સંપ્રદાયના લોકોને તુચ્છ માને છે, એમના પ્રત્યે ઘૃણા કરે છે તો સમજી લેવું જોઈએ કે આ વ્યકિતમાં ધર્મનું નામોનિશાન નથી. આવી વ્યકિત ઘોર અધાર્મિક વ્યકિત જ છે.

જે ધર્મને સમજે છે તે એ વાતને ખૂબ સમજે છે કે કોઈ જાતિ, વર્ણ, સંપ્રદાય અથવા દેશ-પ્રદેશના હોવા માત્રથી જ કોઈ માણસ ઊંચો અથવા નીચો નથી હોતો. ધર્મના માપદંડથી ઊંચો એ જ છે જે શીલવાન છે, જે સમાહિત ચિત્ત છે, જે પ્રજ્ઞાવાન છે, જે નિર્મળચિત્ત છે, અને નીચો એ જ છે જે દુશ્શીલ છે, દુષ્પ્રજ્ઞ છે, સમલચિત્ત (મેલા ચિત્તવાળો) છે અને જે વ્યકિત નીચી છે, દુશ્શીલ છે, દુશ્ચિત્ત છે, દુષ્પ્રજ્ઞ છે, એને પૂરી સુવિધા છે, પૂરી સગવડતા છે, પૂરો અધિકાર છે કે તે પુરુષાર્થ કરીને આ જ જીવનમાં સુશીલ બની જાય, સમાહિત ચિત્ત (વાળી) બની જાય, સપ્રજ્ઞ બની જાય નિર્મળ ચિત્ત (વાળી) બની જાય, સજ્જન-સંત બની જાય અને આ પ્રકારે મહાન બની જાય. એ વ્યકિત ભલે ગમે તે જાતિ, વર્ણ, ગોત્રની હોય, ભલે ગમે તે સંપ્રદાયની હોય, ભલે ગમે તે દેશની હોય, કોઈ ફરક નથી પડતો, ધર્મ તો બધાનો છે, સર્વજનીન છે, સાર્વભૌમિક છે. એના પર કોઈ જાતિ, વર્ણ અને સંપ્રદાયની વ્યકિતઓનો એકાધિકાર નથી હોતો.

નાત-જાતના ભેદભાવથી ધર્મની હાનિ થાય છે અધર્મ ફેલાય છે. લોકોમાં દુર્ભાવના ફેલાય છે. પરસ્પર વેર વધે છે. સમાજની સુખ- શાંતિ નષ્ટ થાય છે.

સંપ્રદાય- સંપ્રદાયના ભેદભાવથી ધર્મની હાનિ થાય છે, અધર્મ ફેલાય છે, લોકોમાં દુર્ભાવના વધે છે, પરસ્પર વેર વધે છે, સમાજની સુખ- શાંતિ નષ્ટ થાય છે.

નાત જાતના ભેદભાવ વિભાજન કરે છે દીવાલો ઊભી કરે છે.

ધર્મ દીવાલો તોડે છે, એકતા સ્થાપિત કરે છે, સંપ્રદાય વાડા બાંધે છે, ધર્મ વાડા તોડે છે, ભેદભાવ ભૂંસે છે.

નાત-જાત, સંપ્રદાય, લોકોને તોડે છે, ધર્મ લોકોને જોડે છે.

જાતિવાદ અને સંપ્રદાયવાદ ધર્મના મોટા દુશ્મન છે. મનુષ્ય સમાજના મોટા દુશ્મન છે. જયાં જાતિવાદ અને સંપ્રદાયવાદ પ્રમુખ- પ્રબળ છે, ત્યાં ધર્મ નથી ફેલાઈ શકતો, લોકોમાં સાચી સુખ- શાંતિ નથી ફેલાઈ શકતી.

ધર્મ તો બધાંનો છે. બધા સમયે, બધી જગ્યાએ, બધાંને માટે સમાનરૂપે કલ્યાણકારી છે જેમ સૂરજ બધાંનો છે, બધાંને એકસરખો પ્રકાશ, એક સરખી ઉષ્મા દે છે, જેમ હવા બધાંની છે, નદી બધાંની છે, વાદળ બધાંનું છે. કોઈ નાત-જાત કે વર્ણ કે સંપ્રદાયનો ભેદભાવ નથી એ જ રીતે ધર્મ બધાંનો છે. બધાંનો હિતૈષી છે. એને કોઈ પણ ધારણ કરી શકે છે અને લાભાન્વિત થઈ શકે છે. સ્ત્રી હોય કે પુરુષ, બ્રાહ્મણ હોય કે શુદ્ર, હિન્દુ હોય કે મુસલમાન, બૌદ્ધ હોય કે જૈન, શીખ હોય કે ખ્રિસ્તી, હિન્દુસ્તાની હોય કે પાકીસ્તાની, ઈરાની હોય કે યૂનાની, ચીની હોય કે જાપાની.

બધાં શીલ સદાચારનું પાલન કરી શકે છે. બધાં પોતાના સામાન્ય સ્વાભાવિક શ્વાસને જોતાં જોતાં મનને વશમાં કરી શકે છે. બધાં પોતાના ચિત્તને અને શરીરની સંવેદનાઓને જોતાં જોતાં વિકારોમાંથી વિમુક્ત થઈ શકે છે. બધાં દુઃખ વિમુકત થઈને એક સરખી સુખ- શાંતિનો અનુભવ કરી શકે છે. ચિત્તને નિતાંત નિર્મળ કરીને, નિર્વિકાર કરીને સદાને માટે સર્વથા વિમુક્ત થઈ શકે છે. કોઈ ભેદભાવ નહીં.

કોઈ બુદ્ધિમાન વ્યકિત (હોય) તો આ વાતને સમજી લે છે કે મનુષ્ય એક સામાજિક પ્રાણી છે, એને સમાજમાં રહેવાનું છે. અતઃ તે એવું કોઈ કામ નહીં કરે કે જેથી સમાજની સુખ-શાંતિદાયિની વ્યવસ્થાનો ભંગ થાય. સમાજની સુખશાંતિ ભંગ થાય છે તો સ્વયં પોતાને સુખશાંતિ કયાં મળશે? તે એ પણ સમજી લે છે કે જે કામ બીજા લોકો એના પ્રતિ કરે છે, તે એને સારું ન લાગે તો એવું કામ એણે પણ બીજાના પ્રતિ ન કરવું જોઈએ કેમ કે એમને પણ એવું કામ સારું નહીં લાગે.

આ બંને બાબતોને સમજીને તે શરીર અને વાણીથી કોઈ એવું કામ નથી કરતો જેથી અન્ય પ્રાણીઓની સુખશાંતિનો ભંગ થાય, અન્ય પ્રાણીઓનું અહિત, અમંગળ થાય, એમને પીડા પહોંચે. જેમ કે - * તે શરીરથી હત્યા નથી કરતો * ચોરી નથી કરતો * વ્યભિચાર નથી કરતો * વાણીથી જૂઠ નથી બોલતો, પરનિંદા, ચુગલી, નકામી- નિરર્થક વાતો નથી કરતો * તે નશીલી ચીજોનું સેવન નથી કરતો કેમ કે (તે) ખૂબ સમજે છે કે નશાનો ગુલામ થઈ જશે તો શરીર અને વાણીના દુષ્કર્મોથી બચવું એને માટે કપરું થઈ જશે, અસંભવ થઈ જશે.

આવી બુદ્ધિમાન વ્યકિત જયારે કયારેક અંતર્મુખી થઈને ધર્મનું દર્શન કરે છે એટલે કે કુદરતના કાનૂનને સ્વાનુભૂતિઓના સ્તર પર જાણી લે છે તો એને માટે આ બધું બહુ સ્પષ્ટ થઈ જાય છે કે કોઈ પણ શારીરિક કે વાચિક દુષ્કર્મ કરતાં પહેલાં એણે પોતાના મનમાં કોઈને કોઈ વિકાર જગાડવો પડે છે, અને હરેક મનોવિકાર એને બેચેન બનાવી દે છે. એ કુદરતના દંડનો ભોગ બની જાય છે.

અતઃ હવે તે ખૂબ સમજવા લાગે છે કે શારીરિક અને વાચિક દુષ્કર્મથી વંચિત રહીને તે સમાજના અન્ય લોકો પર ઉપકાર (ભલમનસાઈ) નથી કરી રહ્યો. એ તો વાસ્તવમાં પોતાની જાત પર ઉપકાર કરી રહ્યો છે. પોતાની જાતને કુદરતના દંડથી બચાવી રહ્યો છે.

આવી વ્યકિત અત્યંત નિષ્ઠાપૂર્વક દુરાચારથી બચે છે. શીલ-સદાચારનું પાલન કરે છે. એવું કરવાને માટે તે પોતાના મનને વશમાં કરવાનો અને મનને નિર્મળ કરવાનો, રાગ-મુકત, દ્વેષમુકત કરવાનો ઉચિત અભ્યાસ કરે છે.

આવી વ્યકિત પોતાનું ભલું કરે છે, બીજાના ભલામાં સહાયક થઈ જાય છે. આવી વ્યકિત પોતાનું મંગલ સાધે છે, બીજાના મંગલમાં સહાયક થઈ જાય છે.

આવી વ્યકિત સંત છે, સજ્જન છે. આવી વ્યકિત જ સાચા અર્થમાં ધાર્મિક છે. આવી વ્યક્તિ હિન્દુ હોય તો (પણ) ધાર્મિક છે, બૌદ્ધ, ખ્રિસ્તી, જૈન, મુસ્લિમ હોય તો (પણ) ધાર્મિક છે. સાચી ધાર્મિક વ્યકિત સંપ્રદાયના વાડામાં બાંધી શકાતી નથી, એ સાંપ્રદાયિકતાની બેડીઓથી મુકત રહે છે.

કોઈ બુદ્ધ હોય છે તો આવો જ ધર્મ શીખવે છે.

આવો, સાધકો! આવા જ ધાર્મિક બનીએ, અને પોતાનું કલ્યાણ સાધી લઈએ.

**કલ્યાણમિત્ર,**
**સત્યનારાયણ ગોયન્કા.**

## સુરત ખાતે વિપશ્યના સેમિનાર

દક્ષિણ ગુજરાત વિપશ્યના પરિવારના નેજા હેઠળ વિપશ્યના સાધના પરિચય કાર્યક્રમ તા. ૦૨-૦૯-૦૭ને રવિવારે થનાર છે.

**સમય : સવારે ૧૦ થી ૧૨-૩૦**

**સ્થળ : સરદાર સ્મૃતિ ભવન, મીની બજાર, વરાછા રોડ, સુરત.**

કાર્યક્રમમાં પ્રદેશાચાર્યશ્રી, ક્ષેત્રીય આચાર્યશ્રી સિનિયર આચાર્યશ્રી, સહા-આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહેશે.

સંપર્ક: (૧) છગનભાઈ પરમાર (૦૨૬૧) ૨૬૫૩૮૧૩
(૨) રામગોપાલ અગ્રવાલ - ૯૩૭૫૧ ૫૨૫૩૧

## -: ધમ્મકોટ : વૃક્ષારોપણ :-

વિપશ્યના કેન્દ્ર, ધમ્મકોટ ખાતે હાઈવે થી કેન્દ્રને જોડતાં એપ્રોચ રોડ આજુ-બાજુ આશરે ૨૦૦ વૃક્ષો રોપવાનું નક્કી થયેલ છે. આ માટેનો ખર્ચ ૧ વૃક્ષ દીઠ (ખાડા ખોદવા, માટી, ખાતર, ટ્રી-ગાર્ડ) સહિત આશરે રૂા. ૪૫૦/- જેવી થશે.

આ કાર્યને સફળ બનાવવા વિપશ્યી સાધક પુણ્ય અર્જીત કરી શકે છે.

## સાધકોના પ્રશ્નો : ગુરુજીના ઉત્તરો

**પ્ર. ૧ રોજ-બરોજના જીવનમાં વિપશ્યનાને કેવી રીતે લાગૂ પાડી શકાય ?**

**ઉત્તર :** પહેલાં તમે એકાદ શિબિરમાં ભાગ લો. જેથી તમને સમજાશે કે તેનો જીવનમાં કેવી રીતે પ્રયોગ કરી શકાય. જો તમે ફક્ત શિબિર જ કરો અને જીવનમાં તેનો અભ્યાસ - પ્રયોગ ન કરો, તો વિપશ્યના એક કર્મ - કાંડ, એક ધાર્મિક ઉજવણી જ બની રહેશે ; જેનાથી તમને કશો જ લાભ નહિ થાય. વિપશ્યના એટલે સારૂં જીવન જીવવું - પ્રતિદિન, પ્રતિક્ષણ.

**પ્ર. ૨ મૃત્યુ પછી શું જીવન છે. ?**

**ઉત્તર :** પ્રતિક્ષણ આપણો જન્મ થાય છે, પ્રતિક્ષણ આપણું મૃત્યુ થાય છે. જન્મ - મરણની આ પ્રક્રિયાને સમજો. આ (સમજણ - જ્ઞાન) તમને ખૂબ સુખી બનાવશે અને તમને સમજાઈ જશે કે મૃત્યુ પછી શું થાય છે.

**પ્ર. ૩ જીવનનું અંતિમ લક્ષ્ય શું છે ?**

**ઉત્તર :** અંતિમ જીવન, અંતિમ લક્ષ્ય અહીં જ, અત્યારે છે. જો તમે કંઈક પ્રાપ્ત કરવા માટે, ભવિષ્ય પર નજર રાખી બેઠા છો, અને અત્યારે - વર્તમાનમાં કંઈ જ પ્રાપ્ત કરતા નથી, તો આ એક ભ્રાન્તિ છે. પણ, જો તમે અત્યારે - વર્તમાનમાં સુખ - શાંતિ અનુભવવી શરૂ કરી દીધી, તો પૂરેપૂરી શક્યતા છે કે તમે લક્ષ્ય સુધી પહોંચી જશો. જે, બીજું કંઈ નહિ પણ, સાચી સુખ - શાંતિ છે. માટે અત્યારે જ અનુભવ કરો, આ ક્ષણે. તો જ તમે ખરેખર સાચા માર્ગે છો.

**પ્ર. ૪ શું એવા મુક્ત લોકો છે, જે આજે પણ જીવી રહ્યા હોય ?**

**ઉત્તર :** હા. વિપશ્યના મુક્તિ તરફ ક્રમિક વિકાસ કરતો પથ છે. જેટલા વિકારોથી તમે મુક્ત થઈ ગયા છો, તેટલા તમે મુક્ત બન્યા છો અને આજે પણ એવા લોકો છે, જેઓ વિકારોથી સંપૂર્ણ મુક્તાવસ્થાએ પહોંચી ગયા છે - (એટલે કે સંપૂર્ણ મુક્ત છે)

**પ્ર. ૫ શું સાધના મુક્ત થવા માટેનો એક માત્ર માર્ગ છે ?**

**ઉત્તર :** હા. ફક્ત અંધશ્રદ્ધાથી કંઈક માની લેવું કામ નહિ આવે. તમારી મુક્તિ માટે તમારે કામ (સાધના) કરવું જ રહ્યું. બંધન ક્યાં છે, એ તમારે જ શોધી કાઢવાનું છે અને પછી તમારે જ બંધનમાંથી બહાર આવવું પડશે. આ વિપશ્યના છે. વિપશ્યનાથી વ્યક્તિ બંધનના સાચા કારણનો પ્રત્યક્ષ અનુભવ કરી શકે છે. દુઃખના સાચા કારણનો અને પછી ધીરે ધીરે બધાં જ દુઃખોમાંથી મુક્ત થઈ શકે છે. આમ, વિપશ્યનાના અભ્યાસથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

**પ્ર. ૬ આપ પ્રવચનોમાં ૩૧ લોકોનો ઉલ્લેખ કરો છો... પણ ઘણીવાર એ જાણે કાલ્પનિક લાગે છે. શું આને સંવેદનાઓના સ્તરે સમજી શકીએ ?**

**ઉત્તર :** અવશ્ય. આખી વિધિ તમને એ અવસ્થા સુધી લઈ જાય છે કે જ્યારે તમે પોતે અનુભવ કરતા થઈ જાઓ છો. કેટલાક સાધકો, ઘણાં થોડાં - પણ અનુભવ કરતા થઈ ગયા છે - ''મને કેવા તરંગોનો અનુભવ થઈ રહ્યો છે ભલા, કેવા પ્રકારના તરંગો ?'' અને તેને આધારે જાણવા લાગે છે... અચ્છા, અમુક લોકના તરંગો, અમુક ભૂમિના તરંગો આવા પ્રકારના હોય છે... અને પછી, આગળ જતાં આને વધુ વિગતપૂર્ણ તેઓ સમજી શકે છે. પણ, સાધનામાં - ધર્મમાં આગળ વધવા તમારે એ જરૂરી નથી કે પહેલાં તમે આ એકત્રીશ લોકોની સચ્ચાઈનો સ્વીકાર કરો. બિલકુલ નહીં. સાધનામાં જ્યારે તમે એટલા આગળ વધી જાઓ કે જ્યારે આ સૂક્ષ્મ સચ્ચાઈઓનો પ્રત્યક્ષ અનુભવ કરી શકો, ત્યારે જ એનો સ્વીકાર કરજો.

**પ્ર. ૭ વિપશ્યના સાધના અન્ય સાધના - પદ્ધતિઓ, જેમ કે મંત્રાદિનો ઉપયોગ - વગેરેથી કેવી રીતે જુદી પડે છે ? શું એ ધ્યાન - પદ્ધતિઓ મનને એકાગ્ર નથી કરતી ?**

**ઉત્તર :** મંત્રથી અથવા કોઈ રૂપ કે આકૃતિની મનોમન કલ્પના કરીને સરળતાથી મનને એકાગ્ર કરી શકાય છે, એમાં શંકા નથી. પણ, વિપશ્યનાનો

## વર્ષ ૨૦૦૭ માટે ગુજરાતના કેન્દ્રોની ૧૦ દિવસીય શિબિરોની માહિતી

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ | | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા | | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર ''ધમ્મ દિવાકર'' મહેસાણા | |
|---|---|---|---|---|---|---|---|
| 14 to 25-08-07 | 27-08 to 07-09-07 | 12 to 23-08-07 | 24 to 04-09-07 | 17 to 28-08-07 | 01 to 12-09-07 | 12 to 23-09-07 | 03 to 14-10-07 |
| 08 to 19-09-07 | 03 to 14-10-07 | 06 to 17-09-07 | 18 to 29-09-07 | 01 to 12-10-07 | 07 to 18-11-07 | 12 to 23-11-07 | 12 to 23-12-07 |
| 16 to 27-10-07 | 28 to 08-11-07 | 03 to 14-10-07 | 17 to 28-10-07 | 28 to 09-12-07 | 27 to 07-01-07 | 02 to 13-01-08 | 30 to 10-02-08 |
| 09 to 20-11-07 | 21 to 02-12-07 | 30 to 10-11-07 | 23 to 03-01-08 | 16 to 27-01-08 | 06 to 17-02-08 | | |
| 05 to 16-12-07 | 19 to 30-12-07 | 04 to 15-01-08 | 27 to 07-02-08 | 20 to 02-03-08 | 05 to 16-03-08 | | |
| 06 to 17-01-08 | 20 to 31-01-08 | 10 to 21-02-08 | 24 to 06-03-08 | | | | |
| 06 to 17-02-08 | 20 to 02-03-08 | | | | | | |
| 05 to 16-03-08 | 19 to 30-03-08 | | | | | | |
| **ફક્ત જૂના ગંભીર સાધકો માટે ૧૦ દિવસીય શિબિર** | | | | | | | |
| 08 to 19-09-07 | 06 to 17-02-08 | 03 to 14-10-07 | | | | | |
| **ફક્ત જૂના સાધકો માટે સતિપટ્ઠાન શિબિર** | | | | | | | |
| 29 to 06-09-07<br>21 to 29-03-08 | 07 to 15-12-07 | 26 to 03-09-07<br>10 to 18-02-08 | 01 to 09-11-07 | 15 to 23-09-07 | 22 to 30-03-08 | | |
| **ફક્ત જૂના સાધકો માટે લઘુ શિબિરો (બે/ત્રણ દિવસ)** | | | | | | | |
| | | 05 to 09-11-07 | 12 to 14-11-07<br>ફક્ત બાળકો માટે | 10 to 12-08-07<br>23 to 25-11-07 | 26 to 28-10-07 | 24 to 26-08-07<br>26 to 28-10-07 | 07 to 09-09-07 |
| **ગંભીર સાધકો માટે ૨૦ - ૩૦ દિવસીય શિબિર** | | | | | | | |
| | | (૨૦ દિવસ)<br>03 to 24-01-08<br>(૩૦ દિવસ)<br>15-11 to 16-12-07<br>(૪૫ દિવસ)<br>15-11-07 to 31-12-07 | (૨૦ દિવસ)<br>09 to 30-03-08<br>(૩૦ દિવસ)<br>09-03 to 09-04-08 | | | **ધર્મજ**<br>03 to 14-10-07 | 14 to 25-11-07 |
| **ફક્ત જૂના સાધકો માટે એક દિવસીય શિબિર** | | | | | | | |
| દર મહિનાના પહેલા રવિવારે કેન્દ્ર ઉપર<br>દર મહિનાના બીજા રવિવારે રાજકોટ શહેરમાં | | દર મહિનાના પહેલા રવિવારે | | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | | દર મહિનાના ચોથા રવિવારે | |

હેતુ મનને નિર્મળ કરવાનો છે, - (માત્ર એકાગ્ર નહીં.)

અને મંત્રથી અમુક પ્રકારના કૃત્રિમ તરંગો પેદા થાય છે. દરેક મંત્ર, દરેક શબ્દ તરંગ પેદા કરશે ; અને જો તમે કલાકો સુધી મંત્ર પર કામ કરતા રહેશો, તો કૃત્રિમ તરંગોમાં જ તમારૂં મન ફસાઈ - પુરાઈ જશે. જ્યારે, વિપશ્યના તમને, તમારી અંદર જે કુદરતી તરંગો છે, તે જોવાનું કહે છે - તે પણ સંવેદનાઓના રૂપે - જ્યારે તમને ગુસ્સો આવ્યો હોય, કે જ્યારે તમારામાં વાસના, ભય, ધિક્કાર વગેરે (વિકારો) જાગ્યા હોય, ત્યારે તેના તરંગો જોવાના હોય છે કે જેથી તમે તેમાંથી બહાર આવી શકો.

**પ્ર. ૮ મૈત્રી શું છે ?**

**ઉત્તર :** મૈત્રી કે મૈત્રી ભાવના એ સદ્ભાવના અને કરુણાના તરંગો પેદા કરવાની વિધિ છે. જે વિપશ્યી સાધકને પહેલી વાર, દશ દિવસીય શિબિરના દશમાં દિવસે શીખવવામાં આવે છે. તે પછી પ્રત્યેક વિપશ્યનાની શિબિરના અંતે અને (રોજની) સવાર - સાંજ એક-એક કલાકની બેઠકના અંતે, જે પુણ્ય-અર્જન કર્યું, તેમાં બધા પ્રાણીઓને ભાગીદાર બનાવવા. વિપશ્યી સાધકને મૈત્રી કરવાનું કહેવામાં આવે છે. મૈત્રીના તરંગો સ્પર્શ થઈ શકે છે. અને જેમ સાધકના મનની શુદ્ધતા વધે છે, તેમ તેની સાથે તેનું લાભકારી બળ પણ વધે છે.

**પ્ર. ૯ સમાધિ - (એકાગ્રતા) - જેમ બલવત્તર બને, તેમ શું મૈત્રી પણ બલવત્તર બને ?**

**ઉત્તર :** હા. સમાધિ વગર મૈત્રી ખરેખર મૈત્રી નથી. સમાધિ નબળી હોય, ત્યારે મન ખૂબ જ ઉત્તેજીત - બેચેન હોય છે; અને મન ઉત્તેજીત કે બેચેન ત્યારે જ હોય જ્યારે એ કોઈક વિકાર - કોઈક પ્રકારનો રાગ કે દ્વેષ જગાવતું હોય. જ્યાં વિકાર છે, ત્યાં સારા ગુણો - મૈત્રી કે કરુણાના તરંગો જાગી શકવાની તમે અપેક્ષા ન રાખી શકો. એ શક્ય જ નથી.

વાણીથી કદાચ તમે કહેતા રહેશો ''સુખી થાઓ, સુખી થાઓ'' - પણ એ કામ કરતી નથી. પણ, જો તમારી અંદર એકાગ્રતા હશે, તો તમારું મન શાંત અને મૌન બનશે - ઓછામાં ઓછું એકાદ ક્ષણ માટે પણ. બધા જ વિકારો નીકળી જવા જોઈએ, એ જરૂરી નથી. પણ, જ્યારે તમે મૈત્રી આપવા માંગતા હો, ત્યારે તમારું મન, કમસે કમ એટલી ક્ષણો પૂરતું તો શાંત અને મૌન હોવું જોઈએ. પછી જે પણ મૈત્રી આપશો એ બળવતી, ફલવતી અને કલ્યાણકારી જ હશે.

**પ્ર. ૧૦ શું 'મૈત્રી' મનની શુદ્ધતાના પરિણામ સ્વરૂપે કુદરતી જ જાગે છે, કે પછી તેનો પ્રયત્નપૂર્વક વિકાસ કરવો જોઈએ ? શું 'મૈત્રી' માં ક્રમશઃ વિકસતી અવસ્થાઓ છે ?**

**ઉત્તર :** બંને રીતે સાચું છે. કુદરતના નિયમ પ્રમાણે - ધર્મના નિયમ પ્રમાણે, મન જેવું નિર્મળ બને છે, કે મૈત્રીનો ગુણ કુદરતી જ વિકાસ પામે છે. જ્યારે બીજી બાજુ, તમારે મૈત્રી-ભાવનાનો ખાસ પ્રયત્નપૂર્વક અભ્યાસ કરીને મૈત્રીને વિકસાવવી પણ જોઈએ. (કારણ કે) મનની શુદ્ધિની ખૂબ જ ઊંચી અવસ્થા પ્રાપ્ત થાય, ત્યારે જ મૈત્રી નૈસર્ગિક પણે જાગે છે. તેને માટે કંઈ જ કરવું પડતું નથી - કોઈ પ્રશિક્ષણ આપવું પડતું નથી. જ્યાં સુધી આ અવસ્થાએ ન પહોંચે, ત્યાં સુધી સાધકે પ્રયત્નપૂર્વક મૈત્રીનો અભ્યાસ કરવો જોઈએ.

વળી, જે લોકો વિપશ્યના કરતા નથી, તેઓ પણ મૈત્રી ભાવના કરી શકે છે. બર્મા, શ્રીલંકા, થાઈલેન્ડ જેવા દેશોમાં દરેક ઘરમાં એ ખૂબ સામાન્ય છે. ''બધા જીવો સુખી થાઓ, બધાને શાંતિ પ્રાપ્ત થાય'' એમ ગાઈને માનસિક ભાવનાથી મૈત્રી કરે છે - એ રીતે એ સિમિત બની જાય છે. જો કે મૈત્રી કરનારને તેનાથી અવશ્ય કાંઈક તો મનની શાંતિ મળે છે, અને વાતાવરણમાં પણ અમુક હદ સુધી સારા તરંગો ફેલાય છે. પણ તે એટલા બળવાન નથી. પરંતુ, જ્યારે તમે વિપશ્યના કરો છો, તો મનની શુદ્ધિ થવી શરૂ કરી જાય છે. આ શુદ્ધતા થકી તમારી મૈત્રી વધારે બળવાન બને છે. આથી, તમારી સદ્ભાવનાઓ ફેલાવવા માટે તમારે મોટેથી, દોહરાવીને ગાવાની જરૂર રહેતી નથી. (સાધના કરતાં કરતાં) એક અવસ્થા એવી આવવાની છે, કે જ્યારે શરીરના રેસા - રેસામાંથી બીજાંઓ માટે કરુણા અને સદ્ભાવનાઓની લાગણીઓ વહેવા માંડશે.

## દોહા ધરમના

જબ તક છૂઆછૂત કા, સિર પર ભૂત સવાર ।
મુક્તિ વિધાયક ધર્મ કા, તબ તક ખુલે ન દ્વાર ॥

જબ તક ઉલઝાએ રહે સંપ્રદાય કા જાલ ।
તબ તક ધર્મ ન ચખ સકે, વૃથા બજાએ ગાલ ॥

સંપ્રદાય કી દૃષ્ટિ સે દેખ રહા જો ધર્મ ।
વહ કૈસે સમજે ભલા મુક્તિ મોક્ષ કા મર્મ ?

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨ - રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫
ફોન : ૨૨૧૨૪૦૧-૨-૩ની મંગળકામનાઓ સાથે

## દોહા ધરમના

જબ જબ મન મૈલા કરે કુદરત દેવે દંડ ।
આકુલ વ્યાકુલ હો ઉઠે, રહે ન શાંતિ અખંડ ॥

પુરસ્કાર તત્ક્ષણ મિલે, જબ મન નિર્મલ હોય ।
યહી નિયમ હૈ ધરમ કા, પક્ષપાત ના હોય ।

સદાચાર પાલન કરે, કરે ચિત્ત સ્વાધીન ।
ચખે ધરમ રસ વિમલ ચિત્ત, હોવેં બંધન ક્ષીણ ॥

**ટ્રાંસમેટલ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર.સી.દત્ત રોડ,
વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ની મંગળકામનાઓ સાથે

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાનઃ નાઈસ આર્ટ, 'મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧ ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.)રાજકોટ સિટી ઓફિસ : ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૧.

વિપશ્યના ૨૮ ઓગષ્ટ, ૨૦૦૭ આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઇગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

| | |
|---|---|
| ચાર વર્ષનું લવાજમ | : રૂ. ૧૦૦/- |
| વાર્ષિક લવાજમ | : રૂ. ૩૦/- |

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2008)

Posting day-25th of every month,
Posted at Rajkot - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :

**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
3-A, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે,
માલવિયા ચોક, રાજકોટ. ફોન : ૨૨૩૩૧૯૦
સિટી ઓફિસ : ફોન - (૦૨૮૧) ૨૨૨૦૮૬૧-૮૬૬
મોબાઈલ : ૯૪૨૭૨ ૨૧૫૯૧
email : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org